ધવલ આર.મોદી
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૩/૨૦૨૩–૨૪**

**અરજદાર :–** શ્રી દિવ્યાંગ જે.પ્રજાપતી
**સામાવાળા :–** સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર શ્રી દિવ્યાંગ જે.પ્રજાપતી ની તા.૧૨/૦૫/૨૦૨૩ મુળ અરજી આઈ.ડી.નં.૩૫૦ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :–
(૧) અરજદારશ્રીની તા.૧૩/૦૬/૨૦૨૩ ની અપીલ અરજી નં.૦૩.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૭૭,તા.૧૭/૦૬/૨૦૨૩.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૯૬, તા.૧૭/૦૬/૨૦૨૩.
(૪) અરજદારશ્રીને સુનાવણીમાં હાજર રહેવા અંગે પાઠવેલ પત્ર નં.જીએડી/ ઈએસટી/ આર/૫૧૦,તા.૨૬/૦૬/૨૦૨૩

અરજદાર શ્રી દિવ્યાંગ જે.પ્રજાપતીની મુળ આઈ.ડી. નં.૩૫૦, તા.૧૨/૦૫/૨૦૨૩ જાહેર માહિતી અધિકારીશ્રી રીક્રુટમેન્ટ વિભાગ, સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૧૧/૦૫/૨૦૨૩ ના રોજ ટપાલ મારફતે અરજી કરવામાં આવેલ હતી. જે અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી,નાગરિક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ/આઉટ/૩૫૦,તા.૧૬/૦૫/૨૦૨૩થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રેના વિભાગને તા.૧૬/૦૫/૨૦૨૩ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૩૬૧ થી નોંધાયેલ છે. અરજદારે તા.૧૩/૦૬/૨૦૨૩ ના રોજ મધ્યસ્થ મહેકમ(આર) ખાતે પ્રથમ અપીલ કરવામાં આવેલ છે,જે તા. ૧૫/૦૬/૨૦૨૩ ના રોજ મળેલ છે. ઈનવર્ડ નં.૬૨૯,તા.૧૫/૦૬/૨૦૨૩ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબક્કે " આસીસટન્ટ એન્જીનીયર(સીવીલ)ની પરીક્ષા સંદર્ભે માંગેલ માહિતી અમોને સંતોષકારક લાગતી નથી." એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા " સુરત મહાનગર પાલિકા ધ્વારા વર્ષ ૨૦૧૮માં(૨૦૧) આસીસટન્ટ એન્જીનીયર(સીવીલ)ની કુલ ૫૦ જગ્યાઓ બહાર પાડવામાં આવેલી હતી. તેની પરીક્ષા તા ૨૯/૦૯/૨૦૧૯ના રોજ લેવામાં આવેલી હતી જે પરીક્ષા સંદર્ભે પરીક્ષામાં પાસ થયેલા ઉમેદવારોના માર્કસ સાથેની નકલ,પ્રતિક્ષા યાદીની માર્કસ સાથેની નકલ અને બેઠક નં. ૧૯૪૭૯ના માર્કની નકલ" માંગણી કરવામાં આવેલ, જે સંદર્ભે અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૨૪૧, તા.૨૫/૦૫/૨૦૨૩ થી પૂર્તતા પાઠવેલ. જેમા અરજદારશ્રીને તા.૦૫/૦૬/૨૦૨૩ના રોજ સાંજે ૪–૦૦ કલાકે માહિતીના નિરીક્ષણ માટે અત્રેના વિભાગમાં રૂબરૂ બોલાવામાં આવેલ હતા.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૩૭૭,તા.૧૭/૦૬/૨૦૨૩ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી /ઈએસટી/આર/૩૯૬,તા.૧૭/૦૬/૨૦૨૩થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૧૨/૦૫/૨૦૨૩ ની આઈ.ડી.નં.૩૫૦ અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી આસીસટન્ટ એન્જીનીયર(સીવીલ)ની પરીક્ષામાં પાસ થયેલા ઉમેદવારોના માર્કસ સાથેની નકલ અને પ્રતિક્ષા યાદીની માર્કસ સાથેની નકલ જાહેર ગતીવિધી અથવા હિત સાથે કોઈ પણ પ્રકારનો સંબધ હોવાનું જણાતુ ન હોય તેમજ પ્રસ્તુત માંગવામાં આવેલ માહિતી વ્યકિતની અંગત માહિતી ન હોય, આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧) (ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી અને આસીસટન્ટ એન્જીનીયર(સીવીલ)ની પરીક્ષામાં અરજદારશ્રીએ મેળવેલ ગુણની માહિતી માટે તા.૦૫/૦૬/૨૦૨૩ના રોજ સાંજે ૪–૦૦ કલાકે

અત્રેની કચેરીએ રૂબરૂ બોલાવવામાં આવેલ હતા. પરંતુ અરજદારશ્રી તા.૦૫/૦૬/૨૦૨૩ના રોજ હાજર રહેલ નથી. તેમજ સંદર્ભ–(૧)પત્ર અન્વયે લેખિતમાં કોઈ જાણ કરવામાં આવી નથી.

અરજદારશ્રીની પ્રથમ અપીલ સંદર્ભે અત્રેના પત્રક્રમાક જીએડી/ઈએસટી/આર/૨૪૧,તા.૧૫/૦૬/૨૦૨૩ થી અરજદારશ્રીને તા.૦૬/૦૭/૨૦૨૩ ના રોજ બપોરે ૧૨ઃ૩૦ કલાકે સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ, જે સંદર્ભે અરજદારશ્રી તા.૦૬/૦૭/૨૦૨૩ ના રોજ સુનાવણીના પત્ર સંબધે ૧૨ઃ૩૦ કલાકે હાજર રહેલ છે. અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર(આર) તથા જાહેર માહિતી અધિકારી સમક્ષ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી ધ્વારા " મુળ અરજી(તા.૧૨/૦૫/૨૦૨૩)માં માંગવામાં આવેલ માહિતી અન્વયે અમારા ધ્વારા આજની પ્રથમ અપીલ સુનવાણીમાં માંગ્યા મુજબની માહિતી ન મળતા અમો બીજી અપીલ સુનવણીમાં જવા ઈચ્છા ધરાવીએ છીએ. આજની સુનવણીમાં GTUની મુળ નકલમાંથી માર્કસની ખરાઈ કરવવામાં આવેલ છે. તથા કોઈ પણ નકલ આપવામાં આવેલ નથી. જેથી અમોને અસંતોષ થયેલ છે."

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અપીલમાં અરજી અન્વયે સુનાવણીમાં અરજદારે કરેલી રજુઆતને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે

અરજદારશ્રી દિવ્યાંગ જે.પ્રજાપતી દ્વારા તા. ૧૩/૦૬/૨૦૨૩ ના રોજ કરાયેલ પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૧૫/૦૬/૨૦૨૩ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રી તા.૦૬/૦૭/૨૦૨૩ ના રોજ બપોરે ૧૨ઃ૩૦ કલાકે સુનાવણીના પત્ર સંબધે અરજદારશ્રીને આસી.ઈજનેર(સીવીલ) સરકારી સંસ્થા જેવી કે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી(GTU)ધ્વારા તૈયાર કરવામાં આવેલ રીઝલ્ટ મુળશીટમાં તેઓના બેઠક ક્રમાંક ૧૯૪૭૯ના કુલ મેળવેલ–૫૦ માર્કસની ઓરીજીનલ શીટ રૂબરુમાં બતાવેલ છે. તથા તેઓ ધ્વારા માંગવામાં આવેલ નકલ સાથે અન્ય ત્રાહિત વ્યકિતઓના માર્કસની વિગતો પણ સંકળાયેલ હોય, જે માહિતી આપી શકાય એમ નથી. આમ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રી (રીક્રુટમેન્ટ) ધ્વારા અરજદારશ્રીને અત્રેથી આપવામાં આવેલ માહિતી યોગ્ય અને નીતિનિયમોનુસારની માહિતી /પૂર્તતા પુરી પાડવામાં આવેલ હોય,સદર પ્રથમ અપીલ અરજી પરત્વે અત્રેથી વધુ કઈ કાર્યવાહી કરવાનું જરૂરી જણાતુ નથી. આમ સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૫૭૦
સુરત. તા. ૦૭/૦૭/૨૦૨૩

( ધવલ આર.મોદી)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.

(૨ ) શ્રી દિવ્યાંગ જે.પ્રજાપતી ૯૩,પ્રતિ..... જાણ સારૂ.

ધવલ આર.મોદી
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૫/૨૦૨૩–૨૪**

**અરજદાર :–** શ્રી આશિકકુમાર જગદીશભાઈ પટેલ
**સામાવાળા :–** ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષય:– અરજદાર શ્રી આશિકકુમાર જગદીશભાઈપટેલની તા.૧૨/૦૬/૨૦૨૩ મુળ અરજી આઈ.ડી.નં.૧૨૧ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રીની તા.૨૫/૦૭/૨૦૨૩ ની અપીલ અરજી નં.૦૫.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૮૬,તા.૦૧/૦૮/૨૦૨૩.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૮૭,તા.૦૨/૦૮/૨૦૨૩.
(૪) અરજદારશ્રીને સુનાવણીમાં હાજર રહેવા અંગે પાઠવેલ પત્ર નં.જીએડી/ ઈએસટી/ આર/૬૯૩,તા.૦૩/૦૮/૨૦૨૩

અરજદાર શ્રી આશિકકુમાર જગદીશભાઈ પટેલની મુળ આઈ.ડી. નં.૧૨૧, તા.૧૨/૦૬/૨૦૨૩ જાહેર માહિતી અધિકારીશ્રી, મે.મ્યુનિ.કમિશ્નરશ્રી,સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૧૨/૦૬/૨૦૨૩ ના રોજ મધ્યસ્થ કચેરી ખાતે અરજી કરવામાં આવેલ હતી. જે અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરીના પત્ર નં.સી./આર.ટી.આઈ/આઉટ/૧૨૧,તા.૧૩/૦૬/૨૦૨૩ થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રેના વિભાગને તા.૧૪/૦૬/૨૦૨૩ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૬૧૩ થી નોંધાયેલ છે. અરજદારે તા.૨૫/૦૭/૨૦૨૩ ના રોજ ટપાલ મારફત મધ્યસ્થ મહેકમ(આર) ખાતે પ્રથમ અપીલ કરવામાં આવેલ છે,જે તા. ૨૫/૦૭/૨૦૨૩ ના રોજ મળેલ છે. ઈનવર્ડ નં.૧૪૦૬,તા.૨૫/૦૭/૨૦૨૩ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબક્કે " અપીલકર્તા જાહેર માહિતી અધિકારી અમારા ધ્વારા તા.૧૨/૦૬/૨૦૨૩ ના રોજથી માંગવામાં આવેલ જાહેર માહિતીની અરજીમાં મુદ્દા નં.૧ માં જે માહિતી માંગવામાં આવેલ છે તે માહિતી આર.ટી.આઈ. એકટની કલમ૮(૧)(ચ) અને (ઠ) મુજબ માહિતી વ્યકિતની અંગત માહિતી હોય પુરી પાડી શકાય તેમ નથી. તે રીતનો જવાબ આપેલ છે. કલમ૮(૧)(ચ)માં જણાવ્યા મુજબ અમોએ માંગેલ માહિતી વિશાળ જાહેર હિતમાં જાહેર કરવી જરૂરી છે. કેમકે ગુજરાત સરકાર ધ્વારા સદરહુ જાહેરાત પ્રસિધ્ધ કર્યાની તારીખ સુધીમાં હિન્દી માધ્યમાં TAT (ટાટ) પરીક્ષા લેવામાં આવેલ નથી.તેમ છતાં સુમન શાળાના હિન્દી માધ્યમ માટેના શિક્ષકોની પસંદગી યાદી જાહેર કરી ઉમેદવારની પસંદગી કરવામાં આવેલ છે.જેથી આ માહિતી અંગત ગણી શકાય નહી અને જાહેર કરવી જરૂરી છે. " એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા " સુરત શહેરની સુમન માધ્યમિક શાળાના હિન્દી માધ્યમ માટે ગુજરાતી,અંગ્રેજી તેમજ હિન્દી વિષયમાં પસંદ કરાયેલા ઉમેદવારોએ હિન્દી માધ્યમમાં પરીક્ષા પાસ કરેલ છે તે અંગેના પુરાવાઓ આપવા વિનંતી છે. તથા અન્ય તમામ રજુ કરેલ પુરાવાઓ/માર્કશીટની પ્રમાણિત નકલો અને ટાટ પરીક્ષાનું પ્રમાણપત્ર આજીવન રહેશે એવુ દર્શાવતો પરીપત્ર/ઠરાવની નકલોની " માંગણી કરવામાં આવેલ, જે સંદર્ભે અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૫૪૩, તા.૦૪/૦૭/૨૦૨૩ થી પૂર્તતા પાઠવેલ.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૬૮૬,તા.૦૧/૦૮/૨૦૨૩ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૮૭,તા.૦૨/૦૮/૨૦૨૩થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં

તેઓના જણાવ્યા મુજબ તા.૧૨/૦૬/૨૦૨૩ ની આઈ.ડી.નં.૧૨૧ અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી મુદ્દા નં. ૧ બાબતે જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈ પણ પ્રકારનો સંબધ હોવાનુ જણાતુ ન હોય તેમજ પ્રસ્તુત માંગવામાં આવેલ માહિતી વ્યકિતની અંગત માહિતી હોય, આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧) (ચ) અને (ઠ) મુજબ પુરી પાડી શકાય નહી. ટાટ પરીક્ષાનુ પ્રમાણપત્ર આજીવન (લાઈફ ટાઈમ) રહેશે. એવું દર્શાવતો પરીપત્ર/જાહેરનામું/ઠરાવની નકલ બાબતે સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ(આર) વિભાગના રેકર્ડ પર ઉપલબ્ધ નથી.

અરજદારશ્રીની પ્રથમ અપીલ સંદર્ભે અત્રેના પત્રક્રમાક જીએડી/ઈએસટી/આર/૬૯૩,તા.૦૩/૦૮/૨૦૨૩ થી અરજદારશ્રીને તા.૧૮/૦૮/૨૦૨૩ ના રોજ ૧૧:૦૦ કલાકે સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ, જે સંદર્ભે અરજદારશ્રી તા.૧૮/૦૮/૨૦૨૩ ના રોજ સુનાવણીના પત્ર સંબધે ૧૧:૦૦ કલાકે હાજર રહેલ છે. અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર(આર) સમક્ષ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી ધ્વારા " શિક્ષણ સહાયકની ભરતી અન્વયે હિન્દી માધ્યમમાં જાહેરાત પ્રસિધ્ધ કર્યાની તારીખ સુધીમાં હિન્દી TAT લેવામાં આવેલ નથી એમ રજુઆત કરવામાં આવેલ છે.જેના સંદર્ભે અરજદારશ્રીને ઉમેદવારની હિન્દી માધ્યમમાં TAT પાસ કર્યા અંગેની માર્કશીટ રૂબરૂમાં બતાવવામાં આવેલ છે. TAT પરીક્ષાનું પ્રમાણપત્ર આજીવન રહેશે એ અંગેનો પરિપત્ર/ઠરાવ અંગે માંગણી કરતા અરજદારશ્રીને TAT પરીક્ષાનું પ્રમાણપત્ર આજીવન રહેશે એવુ કોઈ પરિપત્ર/ઠરાવ નથી, પરંતુ સચિવાલય ગાંધીનગરનો તા. ૩૧/૦૮/૨૦૨૩ સુધી TAT પરીક્ષાનું પ્રમાણપત્ર માન્ય ગણાશે એ દર્શાવતો ઠરાવ રૂબરૂમાં બતાવવામાં આવેલ છે. આમ અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ રજુઆત બાબતે માહિતી પુરી પાડવામાં આવી છે."

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અપીલમાં અરજી અન્વયે સુનાવણીમાં અરજદારે કરેલી રજુઆતને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે

અરજદારશ્રી આશિકકુમાર જગદીશભાઈ પટેલ દ્વારા તા. ૨૫/૦૭/૨૦૨૩ ના રોજ ટપાલ મારફત કરાયેલ પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૨૫/૦૭/૨૦૨૩ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રી તા.૧૮/૦૮/૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સુનાવણીના પત્ર સંબધે હાજર રહેલ છે. અરજદારશ્રીને શિક્ષણ સહાયકની ભરતી અન્વયે હિન્દી માધ્યમમાં જાહેરાત પ્રસિધ્ધ કર્યાની તારીખ સુધીમાં હિન્દી TAT લેવામાં આવેલ નથી રજુઆત બાબતે અરજદારશ્રીને ઉમેદવારની હિન્દી માધ્યમમાં TAT પાસ કર્યા અંગેની માર્કશીટ રૂબરૂમાં બતાવવામાં આવેલ છે. TAT પરીક્ષાનું પ્રમાણપત્ર આજીવન રહેશે એ અંગેનો પરિપત્ર/ઠરાવ અંગે માંગણી કરતા અરજદારશ્રીને TAT પરીક્ષાનું પ્રમાણપત્ર આજીવન રહેશે એવુ કોઈ પરિપત્ર/ઠરાવ નથી, પરંતુ સચિવાલય ગાંધીનગરનો તા. ૩૧/૦૮/૨૦૨૩ સુધી TAT પરીક્ષાનું પ્રમાણપત્ર માન્ય ગણાશે એ દર્શાવતો ઠરાવ રૂબરૂમાં બતાવવામાં આવેલ છે. આમ અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ રજુઆત બાબતે માહિતી પુરી પાડવામાં આવી છે. આમ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રી (રીક્રુટમેન્ટ) ધ્વારા અરજદારશ્રીને અત્રેથી આપવામાં આવેલ માહિતી યોગ્ય અને નીતિનિયમોનુસારની માહિતી /પૂર્તતા પુરી પાડવામાં આવેલ હોય,સદર પ્રથમ અપીલ અરજી પરત્વે અત્રેથી વધુ કઈ કાર્યવાહી કરવાનું જરૂરી જણાતુ નથી. આમ સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૭૭૧
સુરત. તા.૧૯/૦૮/૨૦૨૩

( ધવલ આર.મોદી)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)................જાણ માટે.
(૨ ) શ્રી આશિકકુમાર જગદીશભાઈ પટેલ, પ્રતિ..... જાણ સારૂ.

ધવલ આર.મોદી
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૬/૨૦૨૩–૨૪**

**અરજદાર :–** શ્રી કાળુભાઈ દોલતસંગ પરમાર
**સામાવાળા :–** ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર શ્રી કાળુભાઈ દોલતસંગ પરમારની તા.૧૯/૦૭/૨૦૨૩ મુળ અરજી આઈ.ડી.નં.૯૯૭ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રીની તા.૨૪/૦૮/૨૦૨૩ ની અપીલ અરજી નં.૦૬.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૨૭,તા.૨૮/૦૮/૨૦૨૩.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૪૧,તા.૩૧/૦૮/૨૦૨૩.
(૪) અરજદારશ્રીને સુનાવણીમાં હાજર રહેવા અંગે પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/ આર/૮૫૮,તા.૦૨/૦૯/૨૦૨૩

અરજદાર શ્રી કાળુભાઈ દોલતસંગ પરમારની મુળ આઈ.ડી. નં.૯૯૭, તા.૧૯/૦૭/૨૦૨૩ જાહેર માહિતી અધિકારીશ્રી રીક્રુટમેન્ટ વિભાગ, સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૧૯/૦૭/૨૦૨૩ ના રોજ ટપાલ મારફતે અરજી કરવામાં આવેલ હતી. જે અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી,નાગરિક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ/આઉટ/૯૯૭,તા.૨૦/૦૭/૨૩ થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રેના વિભાગને તા.૨૪/૦૭/૨૦૨૩ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૧૩૫૨ થી નોંધાયેલ છે. અરજદારે તા.૨૪/૦૮/૨૦૨૩ ના રોજ ટપાલ મારફત મધ્યસ્થ મહેકમ(આર) ખાતે પ્રથમ અપીલ કરવામાં આવેલ છે,જે તા.૨૪/૦૮/૨૦૨૩ ના રોજ મળેલ છે. ઈનવર્ડ નં.૧૭૦૫,તા.૨૪/૦૮/૨૦૨૩ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબક્કે " જાહેર માહિતી અધિકારી ધ્વારા આપવામાં આવેલ માહિતી એ કાયદાનું ખોટુ અર્થઘટન કરી મને આપવા જોગ માહિતી આપવામાં આવી નથી અને માહિતી અધિકારનાં કાયદાનો ભંગ કરેલ છે જે માહિતી નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવાની હોવા છતાં માહિતી આપવામાં આવેલ નથી તો મને આ બાબતની રજુઆત કરવા અપીલમાં સાંભળવા યોગ્ય સમય આપવા નમ્ર વિનંતી" એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા " સુરત મહાનગર પાલિકામાં ડેપ્યુટી એકાઉન્ટ અને પર્સનલ ઓફિસરની જગ્યામાં દિવ્યાંગ પસંદગી કરવામાં આવી છે?,સ્ટાફ સિલેકશન કમિટિ કયાં નિયમોના આધારે રચના કરવામાં આવી તેના સભ્ય કોણ છે અને તેની કામગીરી અને ફરજો તથા આ કમિટિ ધ્વારા કરવામાં આવેલ ઉમેદવારોનું મેરીટ લિસ્ટ તથા પસંદગી યાદીની પ્રમાણિત નકલ અને ડે.એકાઉન્ટન્ટ અને પર્સોનેલ ઓફિસરની જાહેરાતમાં આપવામા આવેલ જગ્યા કરતા વધુ જગ્યાની ભરતી કરવામાં આવેલ અંગેનું કારણ અને વર્ગ ૧ અને ૪ ભરતી અંગેના નિયમોની" માંગણી કરવામાં આવેલ, જે સંદર્ભે અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૭૪૧,૭૪૨ તા.૧૭/૦૮/૨૦૨૩ અને જીએડી/ઈએસટી/આર/૭૬૮,તા.૧૮/૦૮/૨૦૨૩ થી પૂર્તતા પાઠવેલ.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૮૨૭,તા.૨૦/૦૮/૨૦૨૩ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૪૧,તા.૩૧/૦૮/૨૦૨૩ થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૧૯/૦૭/૨૦૨૩ની આઈ.ડી.નં.૯૯૭ અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી

મુદ્દા નં. ૨ બાબતે ડે.એકાઉન્ટન્ટની જગ્યામાં દિવ્યાંગની જગ્યા હતી.જેમાં કોઈ ઉમેદવાર પસંદગી પામેલ નથી.પર્સોનેલ ઓફિસરની જગ્યામાં દિવ્યાંગની જગ્યા હતી. જેમાં દિવ્યાંગ ઉમેદવાર પસંદગી પામેલ છે. મુદ્દા નં. ૩ અને ૧૧ બાબતે સ્ટાફ સિલેકશન કમિટિ સમગ્ર પસંદગી સમિતિની તા.૧૪/૦૩/૨૦૧૭ ના રોજ મળેલ મીનીટસ મુજબ રચના કરવામાં આવે છે. તેના સભ્ય,કામગીરી અને ફરજો ની માહિતી પાના નંગ ૧૫ પાના દીઠરૂા.૨/– લેખે કુલ રૂા.૩૦/–(અંકે ત્રીસ રૂપિયા પુરા) ભરપાઈ માટે જણાવેલ. મુદ્દા નં.૫ બાબતે ડેપ્યુટી એકાઉન્ટન્ટ અને પર્સનલ ઓફિસરમા દરેક ઉમેદવાર મેરીટ લીસ્ટની માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈ પણ પ્રકારનો સંબધ હોવાનુ જણાતુ ન હોય આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧) (ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી. ડેપ્યુટી એકાઉન્ટન્ટ અને પર્સોનેલ ઓફિસરમા ઉમેદવારની કરવામાં આવેલ પસંદગીયાદી/પ્રતિક્ષાયાદીની પ્રમાણિત નકલ પાના દીઠ– ૬ પાના દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૧૨/– (અંકે બાર રૂપિયા પુરા) ભરપાઈ માટે જણાવેલ મુદ્દા નં. ૭ બાબતે ડે.એકાઉન્ટન્ટમાં મહિલાની જગ્યા કન્ફર્મ હતી પરંતુ કોઈ પણ મહિલા ઉમેદવાર પર્સનલ ઈન્ટરવ્યુમાં પરફોમન્સ સારો ન હોવાથી મહિલા ઉમેદવારની જગ્યા ભરવામાં આવી નથી. પર્સનલ ઓફિસરની જગ્યા જાહેરાત સમયે ૩ હતી જયારે ભરતી સમયે રોસ્ટર પ્રમાણે ખાલી જગ્યાને ધ્યાનમાં લઈ ૫ ભરવામાં આવેલ છે.

અરજદારશ્રીની પ્રથમ અપીલ સંદર્ભે અત્રેના પત્રક્રમાક જીએડી/ઈએસટી/આર/૮૫૮,તા.૦૨/૦૯/૨૦૨૩ થી અરજદારશ્રીને તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ, જે સંદર્ભે અરજદારશ્રી તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ સુનાવણીના પત્ર સંબધે ૧૧:૦૦ કલાકે હાજર રહેલ છે. જાહેર માહતી અધિકારી અને ઈ.ચા. સેકશન ઓફિસર અને અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર(આર) સમક્ષ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી ધ્વારા " મુદ્દા નં. ૨,૫,૭ અને ૧૧ ની રજુઆત કરવામાં આવેલ જે અન્વયે અપીલ અધિકારીશ્રી અને પર્સોનેલ ઓફિસર(આર) ધ્વારા ઉપરોકત મુદ્દા વિશે સમજ આપવામાં આવેલ છે આ સાથે અરજદારશ્રીએ લેખિતમાં વાંધા રજુ કરવામાં આવેલ છે તે ધ્યાનમાં લેવા નમ્ર વિનંતી છે." એમ જણાવેલ છે.

સદર અપીલ અરજી અન્વયે સુનાવણી તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ રજુ કરવામાં આવેલ વાધાં અરજીમાં મુદ્દા નં. ૨ ના આપવામાં આવેલ જવાબ સામે કચેરી ધ્વારા જાહેરાતમાં અને અધિકારીશ્રી ધ્વારા દિવ્યાંગ કોર્ટમાં લેખિતમાં જણાવેલ કે દિવ્યાંગ જગ્યા નથી અને મને આપવામાં આવેલ માહિતીમાં દિવ્યાંગ અનામત છે. તો કયા આધારે તેના કોઈ અધાર/પુરાવા આપેલ નથી મે મારી અરજીમાં સ્પષ્ટ જણાવેલ છે કોઈ પણ માહિતીમાં આધાર/પુરાવા અપવા પણ દિવ્યાંગ અનામત છે તે અંગે કોઈ પણ આધાર/પુરાવા આપેલ નથી તે આપવા વિનંતી છે.મુદ્દા નં. ૫ ના આપવામાં આવેલ જવાબ સામે બન્ને જગ્યા લાખોના પગાર ધરાવતી જગ્યા છે અને હજારો કર્મચારી અને કરોડો વહીવટી દેખરેખ રાખતી જગ્યા છે. તેનો પગાર જનતાના વેરાની રકમમાંથી થતો હોય તેમા જાહેર હિત છે જ અને આ માહિતી સામે ચાલી નોટીસ બોર્ડ પર મુકવાની હોય આ માહિતી કોઈ દેશ, રાજય અને જિલ્લા કોઈ પણ રીતે નુકશાન કરતા નથી આ માહિતી જો વિધાનસભા માંગવામાં આવે તો પણ આપવી પડે તે પ્રકારની છે તો મને બંને જગ્યા ડે.એકાઉન્ટન્ટ અને પર્સનલ ઓફિસર દરેક ઉમેદવારના મેરીટ લીસ્ટની પ્રમાણિત નકલ આપવી.મુદ્દા નં. ૭ ના આપવામાં આવેલ જવાબ સામે પરફોમન્સ કોઈ નીતિનિયમો બનાવવામાં આવ્યા હતા અને રોસ્ટર અંગે કોઈ માહિતી સ્ટાફ સીલેકશન સમિતિની મીનીટસમાં આપવામાં આવેલ નથી તો પરફોમન્સના કોઈ નીતિનિયમો અને રોસ્ટર રજીસ્ટ્રરનાં આધાર/પુરાવા આપશો. મુદ્દા નં ૧૧ ના આપવામાં આવેલ જવાબ અન્વયે વર્ગ ૧ થી ૪ ભરતી અન્વયે આપવામાં આવેલ પસંદગી સમિતિની મળેલ મીનીટસ સિવાય કોઈ રાજયના કે સુરત મહાનગરપાલિકા કોઈ પરિપત્રો,મિનિટસ કે કાર્યાલય નોંધ આવતી હોય તેની પ્રમાણિત નકલ આપવી જો ન હોય તો જે ડે.એકાઉન્ટન્ટ અને પર્સોનેલ ઓફિસર હાલ જે ભરતી કરવામાં આવી છે તે ભરતીના નિયમો કયા નીતિ નિયમોને આધારે નકકી થયા અને તે નકકી કરવામા કયા અધિકારીઓ સામેલ છે તે માહિતી આધાર/પુરાવા સાથે આપશો.

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અપીલમાં અરજી અન્વયે સુનાવણીમાં અરજદારે કરેલી રજુઆતને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે

અરજદારશ્રી કાળુભાઈ દોલતસંગ પરમાર દ્વારા તા. ૨૪/૦૮/૨૦૨૩ ના રોજ ટપાલ મારફત કરાયેલ પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૨૪/૦૮/૨૦૨૩ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રી તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સુનાવણીના પત્ર સંબધે હાજર રહેલ છે. સુનાવણીમાં મુદ્દા નં. ૨,૫,૭ અને ૧૧ ની રજુઆત કરવામાં આવેલ જે અન્વયે અપીલ અધિકારીશ્રી અને પર્સોનેલ ઓફિસર(આર) ધ્વારા ઉપરોકત મુદ્દા વિશે સમજ આપવામાં આવેલ છે.તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ લેખિતમાં વાંધા રજુ કરવામાં આવેલ જે અન્વયે જણાવવાનું કે મુદ્દા નં.૨ ના અનુસંધાને ડે.એકાઉન્ટન્ટ અને પર્સોનેલ ઓફિસરની જાહેરાત આપ્યા બાદ ફકત દિવ્યાંગ ઉમેદવારો અરજી કરી શકે તે માટે પુરક જાહેરાત આપવામાં આવેલ છે.મુદ્દા નં.૫ ના અનુસંધાને ડે.એકાઉન્ટન્ટ અને પર્સોનેલ ઓફિસરની ભરતીમાં દરેક ઉમેદવારના મેરીટ લીસ્ટ એ ત્રાહિત વ્યકિતની માહિતી હોય આર.ટી.આઈ.એકટ કલમ ૮(૧) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી, આમ છતાં ઉમેદવારના મેરીટ લીસ્ટ અરજદારશ્રીને રૂબરૂમાં કચેરીમાં બતાવવામાં આવેલ છે.મુદ્દા ૭ના અનુસંધાને ડે.એકાઉન્ટન્ટ અને પર્સોનેલ ઓફિસરની ભરતીમાં પર્સનલ ઈન્ટવ્યુમાં સ્ટાફ સિલેકશન કમીટી સમક્ષ કરેલ દેખાવને આધારે પસંદગી કરવામાં આવે છે તેમજ જાહેરાતના સમયે ખાલી જગ્યા અને ભરતી સમયે રોસ્ટર મુજબ ખાલી જગ્યાને ધ્યાનમાં લઈ ભરતી કરવામાં આવેલ છે.મુદ્દા નં. ૧૧ અનુસંધાને વર્ગ ૧ થી ૪ ભરતી અન્વયે પસંદગી સમિતિની તા.૧૪.૦૩.૨૦૧૭ ની મીનીટસ સિવાય કોઈ રાજય સરકાર કે સુરત મહાનગરપાલિકાના પરિપત્ર કે કાર્યાલય નોંધ નથી. પરંતુ ડે.એકાઉન્ટન્ટ અને પર્સોનેલ ઓફિસરની ભરતી બાબતે અર્થઘટન સમિતિની મીનીટસ છે જે પુરી પાડવા જાહેર માહિતી અધિકારીશ્રીને જણાવવામાં આવે છે. સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૯૨૦
સુરત. તા.૧૮/૦૯/૨૦૨૩

(ધવલ આર.મોદી)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)................જાણ માટે.
(૨) શ્રી કાળુભાઈ દોલતસંગ પરમાર પ્રતિ ..... જાણ સારૂ.

ધવલ આર.મોદી
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૭/૨૦૨૩–૨૪**

**અરજદાર :–** શ્રી પ્રીતિબેન ડી. પારેખ
**સામાવાળા :–** ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષય:– અરજદાર શ્રી પ્રીતિબેન ડી. પારેખની તા.૦૨/૦૮/૨૦૨૩ મુળ અરજી આઈ.ડી.નં.૧૧૫૪ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :–
(૧) અરજદારશ્રીની તા.૦૪/૦૯/૨૦૨૩ ની અપીલ અરજી નં.૦૭.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૭૦,તા.૦૬/૦૯/૨૦૨૩.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૭૫,તા.૧૧/૦૯/૨૦૨૩.
(૪) અરજદારશ્રીને સુનાવણીમાં હાજર રહેવા અંગે પાઠવેલ પત્ર નં.જીએડી/ ઈએસટી/ આર/૯૦૩,તા.૧૪/૦૯/૨૦૨૩

અરજદાર શ્રી પ્રીતિબેન ડી. પારેખની મુળ આઈ.ડી. નં.૧૧૫૪, તા.૦૨/૦૮/૨૦૨૩ જાહેર માહિતી અધિકારીશ્રી રીક્રુટમેન્ટ વિભાગ, સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૦૨/૦૮/૨૦૨૩ ના રોજ ટપાલ મારફતે અરજી કરવામાં આવેલ હતી. જે અરજી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મધ્યસ્થ મહેકમ વિભાગ)ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૩૪૯,તા.૨૩/૦૮/૨૦૨૩થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં અંશતઃ તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રેના વિભાગને તા.૨૩/૦૮/૨૦૨૩ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૧૬૯૩ થી નોંધાયેલ છે. અરજદારે તા.૦૪/૦૯/૨૦૨૩ ના રોજ ટપાલ મારફત મધ્યસ્થ મહેકમ(આર) ખાતે પ્રથમ અપીલ કરવામાં આવેલ છે,જે તા. ૦૪/૦૯/૨૦૨૩ ના રોજ મળેલ છે. ઈનવર્ડ નં.૧૮૧૭,તા.૦૪/૦૯/૨૦૨૩ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબક્કે " જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ (આર) વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૩૬થી જવાબ મળેલ છે. આપે આપેલ જવાબ(માહિતી)થી નારાજ થઈ માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ની કલમ–૧૯(૧) હેઠળ હું, આથી,આ પ્રથમ અપીલ દાખલ કરું છું." એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા "સુરત મહાનગરપાલિકાની તા.૧૧/૧૨/૨૦૨૦ના રોજ મળેલ મા.સા.સ.ઠરાવ નં.૪૫૧/૨૦૨૦ મુજબ ઈન્ચાર્જ આચાર્યમાંથી આચાર્ય તરીકે નિમણૂંક આપતા પહેલા તેમની લાયકાત અંગેના પ્રમાણપત્રની ચકાસણી કરનાર કર્મચારી/અધિકારીના નામ અને ફોન નંબર અને તે પૈકી કોઈ એક ઈ. આચાર્ય રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રની નકલ,સુમનશાળાના તમામ માધ્યમની શાળાના શિક્ષકો અને આચાર્યની ભરતીના નિયમ મુજબ થઈ હોય તો તેના આધારની માહિતી,તેમજ જો લાયકાતમાં છુટછાટ આપી હોય તે અંગેની ગુજરાત સરકાર કે સંબધિત શિક્ષણવિભાગની મંજૂરી મેળવી હોય તે અંગેની માહિતીની" માંગણી કરવામાં આવેલ, જે સંદર્ભે અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૭૬,૮૩૭, તા.૨૯/૦૮/૨૦૨૩ થી પૂર્તતા પાઠવેલ.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૮૭૦,તા.૦૬/૦૯/૨૦૨૩ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૭૫,તા.૧૧/૦૯/૨૦૨૩થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૦૨/૦૮/૨૦૨૩ની આઈ.ડી.નં.૧૧૫૪ અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી મુદ્દા નં.૧ બાબતે મા.સા.ઠરાવ નં.૪૫૧/૨૦૨૦ મુજબ ઈન્ચાર્જ આચાર્યમાંથી આચાર્ય તરીકે નિમણૂંક આપતા પહેલા

તેમની લાયકાત અંગેના પ્રમાણપત્રની ચકાસણી અત્રેના વિભાગ ધ્વારા કરવામાં આવેલ નથી. અને મુદ્દા નં.૨ અને ૩ બાબતે સુમનશાળાના તમામ માધ્યમની શાળાના શિક્ષકો અને આચાર્યની ભરતી ગુજરાત સરકારશ્રીના ઠરાવ મુજબ કરવામાં આવેલ છે. જેની નકલ પાના નંગ–૨૦ પાના દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા. ૪૦/–(અંકે રૂપિયા ચાળીસ પુરા) જમા કરવા માટે જણાવેલ પરંતુ અજરદારશ્રીએ જમા કરાવેલ નથી.

અરજદારશ્રીની પ્રથમ અપીલ સંદર્ભે અત્રેના પત્ર ક્રમાંક : જીએડી/ઈએસટી/આર/૯૦૩,તા.૧૪/૦૯/૨૦૨૩ થી અરજદારશ્રીને તા.૨૧/૦૯/૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ, જે સંદર્ભે હાજર રહેલ છે. સુનાવણીમાં અરજદારશ્રીએ મુદ્દા નં. ૧ બાબતે રજુઆત કરવામાં આવેલ જે બાબતે સામાન્ય સભાના ઠરાવ નં. ૪૫૧/૨૦૨૦ તા.૧૧/૧૨/૨૦૨૦ થી ઈ.ચા. આચાર્ય તરીકે ફરજ બજાવતા મદદનીશ શિક્ષકોને આચાર્ય તરીકે નિમણુંક આપવાનું ઠરાવવામાં આવેલ છે. જે ઠરાવ સંબધિત કોઈ પણ પ્રકારની કામગીરી રીક્રુટમેન્ટ વિભાગ ધ્વારા કરવામાં આવેલ નથી. સદર ઠરાવને અન્વયે નિમણુંક આપવા તથા અન્ય લાગત કામગીરી મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા કરવામાં આવેલ છે. જેની સમજ આપવામાં આવેલ છે.આમ અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ રજુઆત બાબતે માહિતી પુરી પાડવામાં આવી છે.

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અપીલમાં અરજી અન્વયે સુનાવણીમાં અરજદારે કરેલી રજુઆતને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે

અરજદારશ્રી પ્રીતિબેન ડી. પારેખની દ્વારા તા. ૦૪/૦૯/૨૦૨૩ ના રોજ ટપાલ મારફત કરાયેલ પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૦૪/૦૯/૨૦૨૩ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રી તા.૨૧/૦૯/૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સુનાવણીના પત્ર સંબધે હાજર રહેલ છે. અરજદારશ્રીએ સુનાવણીમાં મુદ્દા ૧માં માંગવામા આવેલ માહિતી બાબતે કરવામાં આવેલ રજુઆત બાબતે સમજ આપવામાં આવેલ છે. આમ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રી (રીક્રુટમેન્ટ) ધ્વારા અરજદારશ્રીને અત્રેથી આપવામાં આવેલ માહિતી યોગ્ય અને નીતિનિયમોનુસારની માહિતી /પૂર્તતા પુરી પાડવામાં આવેલ હોય,સદર પ્રથમ અપીલ અરજી પરત્વે અત્રેથી વધુ કઈ કાર્યવાહી કરવાનું જરૂરી જણાતુ નથી. આમ સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૯૬૮
સુરત. તા.૦૩/૧૦/૨૦૨૩

(ધવલ આર.મોદી)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.
(૨) શ્રી પ્રીતિબેન ડી.પારેખ પ્રતિ.....જાણ સારૂ.

ધવલ આર.મોદી
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૮/૨૦૨૩–૨૪**

**અરજદાર :–** શ્રી કમલેશ જે.માલી
**સામાવાળા :–** ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર શ્રી કમલેશ જે.માલીની તા.૧૦/૦૮/૨૦૨૩ મુળ અરજી આઈ.ડી.નં.૦૧ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રીની તા.૧૬/૦૯/૨૦૨૩ ની અપીલ અરજી અત્રેના વિભાગમાં તા. ૧૦/૦૯/૨૦૨૩ ના રોજ મળેલ અપીલ અરજી નં.૦૮.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૧૮,તા.૧૨/૧૦/૨૦૨૩.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૨૧,તા.૧૩/૧૦/૨૦૨૩.

અરજદાર શ્રી કમલેશ જે.માલીની મુળ આઈ.ડી. નં.૦૧, તા.૧૦/૦૮/૨૦૨૩ જાહેર માહિતી અધિકારીશ્રી, પ્બલીક હેલ્થ લેબોરેટરી વિભાગ, સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૧૦/૦૮/૨૦૨૩ ના રોજ અરજી કરવામાં આવેલ હતી. જે અરજી જાહેર માહિતી અધિકારી અને ફુડ એનાલીસ્ટ,પબ્લીક હેલ્થ લેબોરેટરીના પત્ર નં.પીએચડી/પીએચએલ/આર.ટી.આઈ./૦૨,તા.૦૧/૦૯/૨૦૨૩ થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં અંશતઃ તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રેના વિભાગને તા.૦૧/૦૯/૨૦૨૩ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૧૭૯૯ થી નોંધાયેલ છે. અરજદારે તા.૧૬/૦૯/૨૦૨૩ ના રોજ આરોગ્ય વિભાગમાં પ્રથમ અપીલ કરવામાં આવેલ છે,જે તેઓના પત્ર નં. પીએચડી/અપીલ /આઉટ/૪૩,તા.૧૦/૧૦/૨૦૨૩ થી અત્રે તબદીલ કરવામાં આવેલ જે તા.૧૦/૧૦/૨૦૨૩ ના રોજ મળેલ છે. ઈનવર્ડ નં.૨૧૧૫ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબક્કે " જાહેર માહિતી અધિકારી ધ્વારા આપવામાં આવેલ છે તે ખોટો છે અને સવાલ પ્રમાણે જવાબ આપેલ છે. તે રેકર્ડ ઉપલબ્ધ નથી. તેમ જણાવી માહિતી છુપાવેલ છે." એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા મૂળ અરજીમાં " જો રાજય સરકારે ફુડ સેફટી એકટ પ્રમાણે એનાલીસ્ટની નિમણુંક કરી હોય તો તેની ભરતીની જાહેરાત અને પરીક્ષાની વિગતની. " માંગણી કરવામાં આવેલ, જે સંદર્ભે અત્રેના વિભાગને લાગત માહિતી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૭૪, તા.૦૮/૦૯/૨૦૨૩ થી પૂર્તતા પાઠવેલ.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૧૦૧૮,તા.૧૨/૧૦/૨૦૨૩ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૨૧,તા.૧૩/૧૦/૨૦૨૩ થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૧૦/૦૮/૨૦૨૩ની આઈ.ડી.નં.૦૧ અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી પેકી અત્રેના વિભાગને લાગત માહિતી રાજય સરકારના ફુડ સેફટી એકટ પ્રમાણે એનાલીસ્ટની ભરતી પ્રક્રિયા કરવામાં આવેલ ન હોય પરીક્ષાની વિગત અત્રેના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. એમ જણાવવામા આવેલ છે.

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, અપીલમાં અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી પાસે મેળવેલ પૂર્તતાને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે

અરજદારશ્રી કમલેશ જે. માલી દ્વારા તા. ૧૬/૦૯/૨૦૨૩ આરોગ્યમાં કરાયેલ પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૧૦/૧૦/૨૦૨૩ ના રોજ મળેલ છે. સદર અપીલ અરજી ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રી (મધ્યસ્થ મહેકમ (આર)) ધ્વારા પાઠવવામાં આવેલ માહિતી/પૂર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે.આમ ઉકત હકીકત ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ(આર) કક્ષાએથી સદર અપીલ અરજી અંગે અપીલનું કોઈ કારણ ઉત્પન્ન થતુ ન હોય, જેથી આ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, જે અત્રેના ખાતા પુરતી સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૧૦૩૫
સુરત. તા.૧૭/૧૦/૨૦૨૩

( ધવલ આર.મોદી)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.
(૨) શ્રી કમલેશ જે.માલી, પ્રતિ.....જાણ સારૂ.

ધવલ આર.મોદી
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૯/૨૦૨૩–૨૪**

**અરજદાર :–** શ્રી તલ્હા ચાંદીવાલા
**સામાવાળા :–** ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષય:– અરજદાર શ્રી તલ્હા ચાંદીવાલાની તા.૦૧/૦૯/૨૦૨૩ મુળ અરજી આઈ.ડી.નં.૧૪૪૨ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :–
(૧) અરજદારશ્રીની તા.૧૮/૧૦/૨૦૨૩ ની અપીલ અરજી નં.૦૯.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૮૦,તા.૨૦/૧૦/૨૦૨૩.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૮૩,તા.૨૦/૧૦/૨૦૨૩.
(૪) અરજદારશ્રીને સુનાવણીમાં હાજર રહેવા અંગે પાઠવેલ પત્ર નં.જીએડી/ ઈએસટી/ આર/૧૦૯૩,તા.૨૫/૧૦/૨૦૨૩

અરજદાર શ્રી તલ્હા ચાંદીવાલાની મુળ આઈ.ડી. નં.૧૪૪૨, તા.૦૧/૦૯/૨૦૨૩ જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૦૧/૦૯/૨૦૨૩ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોન ખાતે અરજી કરવામાં આવેલ હતી. જે અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી,નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ/આઉટ/૧૪૪૨,તા.૦૨/૦૯/૨૦૨૩થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રેના વિભાગને તા.૦૫/૦૯/૨૦૨૩ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૧૮૨૬ થી નોંધાયેલ છે. અરજદારે તા.૧૮/૧૦/૨૦૨૩ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોન ખાતે પ્રથમ અપીલ કરવામાં આવેલ છે,જે પત્ર નં. સીસીસી/સેઝોન/આઉટ/૪૩૨,તા.૧૯/૧૦/૨૦૨૩ થી અત્રેના વિભાગમાં તબદીલ કરવામાં આવેલ જે તા. ૧૯/૧૦/૨૦૨૩ના રોજ મળેલ છે. ઈનવર્ડ નં.૨૧૯૬,તા.૧૯/૧૦/૨૦૨૩ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબક્કે " " મુદ્દા નં.૧ થી ૧૬ માં માહિતી પુરી ન પાડી પોતાના વિભાગની અતિ મહત્વની માહિતી છુપાવી તેઓએ ભ્રષ્ટાચાર આચરેલ હોય તેવુ જણાય છે તેથી બદશય પૂર્વક માહિતી છુપાવેલ છે અમોને માત્ર હેરાન કરવાના કારણોસર માહિતી આપેલ નથી નિયમ સમય મર્યાદામાં કે બાદમા જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ માહિતી કે પ્રતિભાવ પાઠવવામાં ના આવતા નિયમો અનુસાર વિનામૂલ્યે માહિતીની નકલો મેળવવા અપીલ કરેલ છું." એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા " ડિપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફિસરના પર્સનલ ઈન્ટરવ્યુ જે તે કારણોસર નિયત તારીખના અગાઉના દિવસે કેન્સલ કરવામાં આવેલ તે અંગેના લેખિતમાં કરેલ રેકોર્ડ પરના કારણોને સક્ષમ સત્તાએ આપેલ મંજુરીની માહિતી/ રિર્પોટીંગની પ્રમાણિત માહિતીની નકલ,ડિપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફિસરની જાહેરાત બહાર પાડવામાં આવેલી હોય અને તે તારીખથી ઈન્ટરવ્યુ પૂર્ણ થયા તે સમય ગાળા દરમ્યાન લાયકાત અંગે કોઈ સુધારો કરવા જોગ છે તે રીપોર્ટીગ ન કરીને ધ્યાને ન દોરનાર જવાબદાર અધિકારી/કર્મચારીના નામ કર્મચારી નંબર અને હોદ્દા સહિત માહિતીની નકલ તેમજ સુરત મહાનગરપાલિકામાં હોદ્દો (કોડ નં.) પર્સોનેલ ઓફિસર(૧૦૧) માટે અને હોદ્દો (કોડ નં) સેકશન ઓફિસર (૪૦૨) માટે નીચે જણાવેલ અર્થઘટન સમિતિની ભૂમિકા,સમિતિના સભ્યોના નામ અને સત્તા તથા સત્તા અન્વયેની કામગીરી તેમજ સત્તાની મર્યાદા હોય તો તે સહિતની માહિતીની નકલની " માંગણી કરવામાં આવેલ, જે સંદર્ભે અત્રેના વિભાગને લાગત માહિતી માટે પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૯૪૨ તા.૨૬/૦૯/૨૦૨૩ થી પૂર્તતા પાઠવેલ.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૧૦૮૦,તા.૨૦/૧૦/૨૦૨૩ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૮૩,તા.૨૦/૧૦/૨૦૨૩ થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૦૧/૦૯/૨૦૨૩ની આઈ.ડી.નં.૧૪૪૨ અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી પૈકિ અત્રેના વિભાગને લાગત મુદ્દા નં. ૯ માં માંગવામાં આવેલ માહિતી બાબતે ડિપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફિસરના પર્સનલ ઈન્ટરવ્યુ નિયત તારીખના અગાઉના દિવસે મા.કમિશનરશ્રીના મૌખિક આદેશનુસાર પર્સનલ ઈન્ટવ્યુ મુલત્વી રાખવામા આવેલ છે. મુદ્દા નં. ૧૦ માં માંગવામાં આવેલ માહિતી બાબતે ડિપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફિસરની ભરતી અન્વયે લાયકાત મધ્યસ્થ મહેકમ ધ્વારા નકકી કરવામાં આવે છે અને તે અંગે સ્ટાફ સિલેકશન સમિતિ ધ્વારા પર્સનલ ઈન્ટવ્યુમાં ઉમેદવારો લાયક ન જણાતા લાયકાતમાં સુધારો કરવાનું નકકી કરવામાં આવેલ છે. મુદ્દા નં. ૧૬ માં માંગવામાં આવેલ માહિતી બાબતે પર્સોનેલ ઓફિસર(૧૦૧) માટે અને હોદ્દો (કોડ નં) સેકશન ઓફિસર (૪૦૨) માટે અર્થઘટન સમિતિની ભૂમિકામાં ભરતી અન્વયે આવેલ ઉમેદવારોની અરજીઓને માન્ય /અમાન્ય કરવાની સત્તા તેમજ લેખિત પરીક્ષાને સંલગ્ન કામગીરી કોને સોંપવાની તે અંગેના નિર્ણયો લેવામાં આવે છે. સદર સમિતિના સભ્યોના નામ એ અધિકારી/કર્મચારીની ઓળખ છતી થાય તેમ હોય માહિતી અધિકાર અધિનિયમ– ૨૦૦૫ ની કલમ ૮ (૧)(જ) મુજબ આપી શકાય તેમ નથી. એમ જણાવવામાં આવેલ છે.

અરજદારશ્રીની પ્રથમ અપીલ સંદર્ભે અત્રેના પત્ર ક્રમાંક : જીએડી/ઈએસટી/આર/૧૦૯૩,તા.૨૫/૧૦/૨૦૨૩ થી અરજદારશ્રીને તા.૦૭/૧૧/૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ, પરંતુ અપીલ અધિકારી અંગત કારણોસર રજા પર હોવાથી તા. ૦૮/૧૧/૨૦૨૩ ના રોજ સુનાવણીમાં હાજર રહેવા ટેલીફોનિક અને લેખિતમાં જણાવવામાં આવેલ છે.જે સંદર્ભે હાજર રહેલ છે. સુનાવણીમાં અરજદારશ્રીએ " મુદ્દા નં. ૧,૨ અને ૩ ની માહિતી આર.ટી.આઈ.એકટ કલમ ૭(૬) હેઠળ વિના મૂલ્યે આપવા હુકમ કરવો " એમ જણાવેલ છે.

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અપીલમાં અરજી અન્વયે સુનાવણીમાં અરજદારે કરેલી રજુઆતને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે

અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાની દ્વારા તા. ૧૮/૧૦/૨૦૨૩ ના રોજ આવેલ પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૧૯/૧૦/૨૦૨૩ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રી તા.૦૮/૧૧/૨૦૨૩ ના રોજ બપોરે ૧૨:૫૦ કલાકે સુનાવણીના પત્ર સંબધે હાજર રહેલ છે. અરજદારશ્રીએ સુનાવણીમાં મુદ્દા નં. ૧,૨ અને ૩ ની માહિતી આર.ટી.આઈ.એકટ કલમ ૭(૬) હેઠળ વિના મૂલ્યે આપવા હુકમ કરવા જણાવેલ જે બાબતે મુદ્દા નં. ૧,૨, અને ૩ ની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત હોય મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી અગાઉથી માહિતી પુરી પાડવામાં આવેલ છે. આમ,જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રી (રીક્રુટમેન્ટ) ધ્વારા અરજદારશ્રીને અત્રેથી આપવામાં આવેલ માહિતી યોગ્ય અને નીતિનિયમોનુસારની માહિતી /પૂર્તતા પુરી પાડવામાં આવેલ હોય,સદર પ્રથમ અપીલ અરજી પરત્વે અત્રેથી વધુ કઈ કાર્યવાહી કરવાનું જરૂરી જણાતુ નથી. આમ સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૧૧૪૪
સુરત. તા.૦૯/૧૧/૨૦૨૩

( ધવલ આર.મોદી)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.

(૨) શ્રી તલ્હા ચાંદીવાલા, પ્રતિ.....જાણ સારૂ.

ધવલ આર.મોદી
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૧૦/૨૦૨૩–૨૪**

**અરજદાર :–** શ્રી તલ્હા ચાંદીવાલા
**સામાવાળા :–** ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષય:– અરજદાર શ્રી તલ્હા ચાંદીવાલાની તા.૨૦/૦૯/૨૦૨૩ મુળ અરજી આઈ.ડી.નં.૧૫૭૬ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રીની તા.૦૬/૧૨/૨૦૨૩ ની અપીલ અરજી નં.૧૦.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૨૪૧,તા.૧૨/૧૨/૨૦૨૩.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૨૪૩,તા.૧૩/૧૨/૨૦૨૩.

અરજદાર શ્રી તલ્હા ચાંદીવાલાની મુળ આઈ.ડી. નં.૧૫૭૬, તા.૨૦/૦૯/૨૦૨૩ જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૨૦/૦૯/૨૦૨૩ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે અરજી કરવામાં આવેલ હતી. જે અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક,મધ્યસ્થ કચેરીના પત્ર નં.સી./આરટીઆઈ/૩૪૪,તા.૦૩/૧૦/૨૦૨૩થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રેના વિભાગને તા.૦૪/૧૦/૨૦૨૩ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૨૦૩૯ થી નોંધાયેલ છે. અરજદારે તા.૦૬/૧૨/૨૦૨૩ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોન ખાતે પ્રથમ અપીલ કરવામાં આવેલ છે,જે પત્ર નં. સીસીસી/સેઝોન/આઉટ/૪૪૩,તા.૦૬/૧૨/૨૦૨૩ થી અત્રેના વિભાગમાં તબદીલ કરવામાં આવેલ જે તા. ૦૮/૧૨/૨૦૨૩ના રોજ મળેલ છે. ઈનવર્ડ નં.૨૫૦૨થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબક્કે " મુદ્દા નં.૧ માં માહિતી પુરી ન પાડી પોતાના વિભાગની અતિ મહત્વની માહિતી છુપાવી તેઓએ ભ્રષ્ટાચાર આચરેલ હોય તેવુ જણાય છે તેથી બદશય પૂર્વક માહિતી છુપાવેલ છે અમોને માત્ર હેરાન કરવાના કારણોસર માહિતી આપેલ નથી નિયમ સમય મર્યાદામાં કે બાદમા જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ માહિતી કે પ્રતિભાવ પાઠવવામાં ના આવતા નિયમો અનુસાર વિનામૂલ્યે માહિતીની નકલો મેળવવા અપીલ કરેલ છું." એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા " સુરત મહાનગરપાલિકાના કમિશનરશ્રી ધ્વારા ધી બી.પી.એમ.સી. એકટની લાગુ કલમ/પેટા કલમ થી કમિશનરને આપેલ તમામ સત્તા(પાર્વસ) પૈકીની સત્તા તેમના તાબા હેઠળના અધિકારીઓને/કર્મચારીઓને સુ.મ.પા. નાં વહીવટ હેતુસર આજ દિન સુધીના તમામ સુપ્રત કરેલ/સોંપેલ/આપવામાં આવેલ DP POWER'S ની માહિતીની પ્રમાણિત નકલની " માંગણી કરવામાં આવેલ, જે સંદર્ભે અત્રેના વિભાગને લાગત માહિતી માટે પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૨૨/૧૦૨૩ તા.૧૩/૧૦/૨૦૨૩ અને જીએડી/ઈએસટી/આર/૧૦૪૪, તા.૧૮/ ૧૦/૨૦૨૩ થી પૂર્તતા પાઠવેલ.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૧૨૪૧,તા.૧૨/૧૨/૨૦૨૩ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૨૪૩,તા.૧૩/૧૨/૨૦૨૩ થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૨૦/૦૯/૨૦૨૩ની આઈ.ડી.નં.૧૫૭૬ અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી પૈકી અત્રેના વિભાગને લાગત મુદ્દા નં.૧ બાબતે મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના સેકશન ઓફિસર અને પર્સોનેલ ઓફિસરના DP POWER'S ની માહિતી નકલ પાના નંગ– ૦૮ મેળવવા પાના દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા. ૧૬/– (અંકે રૂપિયા સોળ

પુરા) અત્રેના વિભાગના પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૧૦૨૩,તા.૧૩/૧૦/૨૦૨૩થી જમા કરવા જણાવેલ, જે અન્વયે અરજદારશ્રીએ માહિતી/દસ્તાવેજો મેળવવા નાગરિક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનમાં રૂા.૧૬/– રસીદ નં. ૩૦૦/૧૮૮ થી તા.૧૬/૧૦/૨૦૨૩ ના રોજ જમા કરવામાં આવેલ છે. સદર જમા કરવામાં આવેલ રસીદ અંગેનો પત્ર C.C.C./C.ZONE/OUT/638,તા. ૧૬/૧૦/૨૦૨૩ થી અત્રે મોકલવામાં આવેલ, જે તા. ૧૭/૧૦/૨૦૨૩ ના રોજ મળેલ છે. જેના અનુસંધાને અત્રેથી જીએડી/ઈએસટી/આર/૧૦૪૪,તા.૧૮/૧૦/૨૦૨૩ થી માહિતી/દસ્તાવેજો પાના નંગ –૮ અરજદારશ્રીને ટપાલ મારફતે પુરા પાડવામાં આવેલ છે. એમ જણાવેલ છે.

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, અપીલમાં અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી પાસે મેળવેલ પૂર્તતાને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાની દ્વારા તા. ૦૬/૧૨/૨૦૨૩ ના રોજ આવેલ પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૦૮/૧૨/૨૦૨૩ ના રોજ મળેલ છે. સદર અપીલ અરજી ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રી (મધ્યસ્થ મહેકમ (આર)) ધ્વારા પાઠવવામાં આવેલ માહિતી/પૂર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે.આમ ઉકત હકીકત ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ(આર) કક્ષાએથી સદર અપીલ અરજી અંગે અપીલનું કોઈ કારણ ઉત્પન્ન થતુ ન હોય, જેથી આ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, જે અત્રેના ખાતા પુરતી સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૧૨૭૪
સુરત. તા. ૧૮/૧૨/૨૦૨૩

( ધવલ આર.મોદી)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.
(૨) શ્રી તલ્હા ચાંદીવાલા, પ્રતિ.....જાણ સારૂ.

ધવલ આર.મોદી
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૧૧/૨૦૨૩–૨૪**

**અરજદાર :–** શ્રી પુનમ સુભાષ પાટીલ
**સામાવાળા :–** ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષય :– અરજદાર શ્રી પુનમ સુભાષ પાટીલની તા.૨૮/૧૧/૨૦૨૩ મુળ અરજી આઈ.ડી.નં.૨૧૦૫ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ નં. (૧) અરજદારશ્રીની તા.૨૮/૧૨/૨૦૨૩ ની અપીલ અરજી નં.૧૧.

(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારશ્રીના પત્રક્રમાક નં.જીએડી/ઈએસટી/આર/૧૩૧૭, તા.૦૨/૦૧/૨૦૨૪.

(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૩૧૮,તા.૦૩/૦૧/૨૦૨૪.

અરજદાર શ્રી પુનમ સુભાષ પાટીલની મુળ આઈ.ડી.નં.૨૧૦૫,તા.૨૮/૧૧/૨૦૨૩ જાહેર માહિતી અધિકારીશ્રી,સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૨૮/૧૧/૨૦૨૩ ના રોજ અરજી કરેલ હતી. જે અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી,નાગરિક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૨૧૦૫,તા.૨૯/૧૧/૨૦૨૩થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં માહિતી પુરી પાડવા તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રેના વિભાગને તા.૩૦/૧૧/૨૦૨૩ ના રોજ મળેલ છે. જેના અનુસંધાને માંગવામા આવેલ માહિતી માટે નિયત નમુના –ગ પત્ર નં જીએડી/ઈએસટી/આર/૧૨૪૫, તા.૧૩/૧૨/૨૦૨૩ અને જીએડી/ઈએસટી/ આર/૧૨૪૬, તા.૧૩/૧૨/૨૦૨૩ થી પૂર્તતા પાઠવવામાં આવેલ.અરજદારની તા.૨૮/૧૨/૨૦૨૩ ની નાગરિક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનના પત્ર નં. સી.સી.સી./સે.ઝોન/ આઉટ/૫૦૮, તા.૨૮/૧૨/૨૦૨૩ થી તબદીલ થયેલ પ્રથમ અપીલ તા. ૨૮/૧૨/૨૦૨૩ ના રોજ મળેલ છે. સદર અરજીમાં "પુરેપુરી માહિતી આપેલ નથી. " એમ જણાવેલ છે.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૧૩૧૭,તા.૦૨/૦૧/૨૦૨૪ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૩૧૮,તા.૦૩/૦૧/૨૦૨૪ થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૨૮/૧૧/૨૦૨૩ની આઈ.ડી.નં.૨૧૦૫ અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી મુદ્દા નં. ૨.૧ થી ૨.૧૦ માં માંગવામાં આવેલતા. ૨૭/૦૯/૨૦૨૩, તા.૧૦/૦૭/૨૦૨૩ ,તા.૨૦/૦૭/૨૦૨૩,તા. ૧૭/૦૮/૨૦૨૩,તા.૧૦/૦૧/ ૨૦૨૩,તા.૨૫/૦૮/૨૦૨૩,તા.૨૯/૦૮/૨૦૨૩ જુદી જુદી તારીખે સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ સમક્ષ કરવામાં આવેલ અરજી ઉપર લીધેલ એકશન અને કાર્યવાહીના દસ્તાવેજી પુરાવાની નકલની માંગણી કરવામાં આવેલ, જે અન્વયે દસ્તાવેજી નકલ પાના નંગ– ૦૧ પાના દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૨/– (અંકે રૂપિયા બે પુરા) અને મુદ્દા નં.૨.૧૧ માં માંગવામાં આવેલ માહિતી અત્રેના વિભાગમાં રેકર્ડ આધારિત માહિતી નીલ છે, મુદ્દા નં. ૨.૧૨ માં માંગવામાં આવેલ માહિતી અન્વયે સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલના મરાઠી માધ્યમમાં ઉમેદવારોના ડોકયુમેન્ટ વેરીફીકેશનમાં ગેરહાજર રહેનારા ઉમેદવારોના અગાઉ કરવામાં આવેલ વેરીફિકેશનને આધારભૂત માની મેરીટયાદીના આધારે પસંદગીયાદી તૈયાર કરવા મંજુરી મેળવવામાં આવેલ છે જે દસ્તાવેજી પુરાવાની નકલ પાના નંગ– ૦૧ પાના દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૨/– (અંકે રૂપિયા બે પુરા) જમા કરવા જણાવવામાં આવેલ છે. જે અન્વયે અરજદારશ્રીએ

માહિતી/દસ્તાવેજો મેળવવા  નાગરિક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનમાં પાના નંગ–૨  જે પાના દીઠ ૨ લેખે રૂા.૪/– તા.૧૬/૧૨/૨૦૨૩ ના રોજ રસીદ નં. ૩૦૦/૩૯ થી જમા કરવામાં આવેલ છે. સદર જમા કરવામાં આવેલ રસીદ અંગેનો પત્ર C.C.C./C.ZONE/OUT/837,તા. ૧૮/૧૨/૨૦૨૩ થી અત્રે મોકલવામાં આવેલ, જે તા. ૧૮/૧૨/૨૦૨૩ ના રોજ મળેલ છે. પરંતુ અરજદારશ્રીએ અત્રેની કચેરીમાં રસીદ રજુ કર્યેથી તા.૧૬/૧૨/૨૦૨૩ , ૧૨:૩૦ કલાકે માહિતી/દસ્તાવેજો પાના નંગ –૨ અરજદારશ્રીને  પુરા પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબને  ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે

અરજદારશ્રી પુનમ સુભાષ પાટીલ દ્વારા તા. ૨૮/૧૨/૨૦૨૩ ના રોજ આવેલ પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૨૮/૧૨/૨૦૨૩ ના રોજ મળેલ છે.  સદર અપીલ અરજી ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રી (મધ્યસ્થ મહેકમ (આર)) ધ્વારા પાઠવવામાં આવેલ માહિતી/પૂર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે.આમ ઉકત હકીકત ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ(આર) કક્ષાએથી સદર અપીલ અરજી અંગે અપીલનું કોઈ કારણ ઉત્પન્ન થતુ ન હોય, જેથી આ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, જે અત્રેના ખાતા પુરતી સદર  અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય  મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/ ૧૩૫૬
સુરત. તા.   ૦૮ /૦૧/૨૦૨૪

( ધવલ આર.મોદી)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧)      જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)................જાણ માટે.
(૨)      શ્રી પુનમ સુભાષ પાટીલ,  પ્રતિ.....જાણ સારૂ.